MINISTRY OF SOCIAL DEVELOPMENT
TE MANATŪ WHAKAHIATO ORA

# કોવિડ-19 વેતન સબસિડી ઑગસ્ટ 2021

## આ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. વર્ક એન્ડ ઇન્કમ વેબસાઇટ પર જાહેર કરવામાં આવેલ વેતન સબસિડીમાં, પાત્રતાના માપદંડ અને જવાબદારીઓની સંપૂર્ણ વિગતો છે તથા તે અન્ય કોઇપણ માહિતી ઉપર પણ હશે.

- કોવિડ-19 વેતન સબસિડી ઑગસ્ટ 2021 એ સમગ્ર ન્યૂ ઝીલેન્ડના રોજગારદાતાઓને સમર્થન પૂરું પાડવા માટેની ચૂકવણી છે, જેથી કરીને તેઓ તેમના કર્મચારીઓને ચૂકવણી કરવાનું ચાલું રાખી શકે અને 17 ઑગસ્ટ, 2021થી એલર્ટ લેવલ 3 અને 4 ચાલુ રહેવાથી પ્રભાવિત થયેલા વ્યવસાયોની નોકરીઓ બચાવી શકે.
- વેતન સબસિડીનો પ્રત્યેક રાઉન્ડ પ્રત્યેક પૂર્ણકાલિન કર્મચારીઓ માટે પ્રતિ સપ્તાહ $600ના દરે એક જ ચૂકવણીમાં હોય છે અને પ્રત્યેક અંશકાલિક કર્મચારીઓ માટે પ્રતિ સપ્તાહ $359ના દરે બે અઠવાડિયા માટે એક જ ચૂકવણીમાં. હોય છે.
- પ્રત્યેક રાઉન્ડમાં એક નવી અરજી કરવાની હોય છે અને વ્યવસાયોએ એવી ખાતરી રાખવી કે, પ્રત્યેક અરજી માટે તેઓ પાત્રતાના માપદંડ પૂરાં કરે.
- કોવિડ-19 વેતન સબસિડી ઑગસ્ટ 2021ની પાંચ ચુકવણીઓ કરવામાં આવી છે, તેની વિગતો આ મુજબ છે:
  - પ્રારંભિક બે અઠવાડિયાની ચુકવણી શુક્રવાર 20 ઑગસ્ટના રોજ સવારે 9 વાગ્યાથી શુક્રવાર 3 સપ્ટેમ્બરના રોજ સવારે 7 વાગ્યા સુધી ઉપલબ્ધ હતી – તે બંધ થઇ ગઇ છે.
  - બીજી બે અઠવાડિયાની ચુકવણી શુક્રવાર 3 સપ્ટેમ્બરના રોજ સવારે 9 વાગ્યાથી શુક્રવાર 16 સપ્ટેમ્બરના રોજ રાત્રે 11.59 વાગ્યા સુધી ઉપલબ્ધ હતી – તે બંધ થઇ ગઇ છે.
  - ત્રીજી બે અઠવાડિયાની ચુકવણી શુક્રવાર, 17 સપ્ટેમ્બરના રોજ સવારે 9 વાગ્યાથી 30 સપ્ટેમ્બરના રોજ રાત્રે 11.59 સુધી ઉપલબ્ધ હતી – તે બંધ થઇ ગઇ છે.
  - ચોથી બે સપ્તાહની ચુકવણી શુક્રવાર, 1 ઓક્ટોબર સવારે 9 વાગ્યાથી ગુરૂવાર, 14 ઓક્ટોબર રાત્રે 11.59 વાગ્યા સુધી ઉપલબ્ધ હતી – જે  બંધ થઇ ગઇ છે.
  - પાંચમી બે સપ્તાહની ચુકવણી શુક્રવાર, 15 ઓક્ટોબર સવારે 9 વાગ્યાથી ગુરુવાર, 28 ઓક્ટોબર રાત્રે 11.59 વાગ્ સુધી ઉપલબ્ધ છે.
- જો તમે અગાઉની વેતન સબસિડી માટે અરજી કરી હોય તો, તમે તમારી છેલ્લી અરજીના બે અઠવાડિયા પછી જ વેતન સબસિડી #5 માટે અરજી કરી શકો છો. આમ, જો તમે ગુરૂવાર, 14 ઓક્ટોબરના રોજ

અરજી કરી હોય તો, તમે વેતન સબસિડી #5 માટે અરજી ગુરૂવાર, 28 ઓક્ટોબરના રોજ કરી શકો છો. વહેલી અરજીઓ સ્વીકારી શકાશે નહીં. તમે અરજી કરો તે પહેલાં તમારે ચુકવણીના બે અઠવાડિયા પૂરા થાય ત્યાં સુધી રાહ જોવી જરૂરી છે.

- જો તમે અગાઉની સબસિડી માટે અરજી કરી ન હોય તો હજુ પણ તમે તમારા દ્વારા પાત્રતાના તમામ માપદંડો પૂરાં કરવામાં આવે છે એ શરતે 15 ઓક્ટોબરથી સબસિડી #5 માટે હજી પણ અરજી કરી શકો છો.
- વર્ક એન્ડ ઇન્કમ વેબસાઇટ, www.workandincome.govt.nz/wagesubsidy મારફતે અરજીઓ કરી શકાય છે.
- **તમારી અરજીઓ પર શક્ય એટલી વહેલી તકે પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેની ખાતરી માટે તમારી અરજીમાં પૂરી પાડવામાં આવેલી માહિતી ઇનલેન્ડ રેવન્યૂ પાસે રહેલી માહિતી** (જેમ કે, આઇઆર નંબર, નામ, બેંક ખાતું, કર્મચારીના નામ અને આઇઆર નંબર સહિતની વિગતો) સાથે મેળ ખાય તે મહત્વપૂર્ણ છે.
- તમારે ચકાસવાનું રહેશે કે, તમે યોગ્ય ચૂકવણી માટે અરજી કરી રહ્યાં છો. કેટલાક વ્યવસાયોએ જ્યારે કોવિડ-19 વેતન સબસિડી ઑગસ્ટ 2021 માટે અરજી કરી છે, ત્યારે તેનો અર્થ એ છે કે, તેમણે લીવ સપોર્ટ સ્કીમ કે શોર્ટ ટર્મ એબસેન્સ પેમેન્ટ માટે અરજી કરી છે. (વ્યવસાયો કોઈ એક સમયે એક કર્મચારી માટે કોવિડ-19ની આ ત્રણ ચૂકવણીઓમાંથી ફક્ત એક જ ચૂકવણી મેળવી શકે છે.)

## પાત્રતાના માપદંડ

- પાત્રતાના માપદંડ, રોજગારદાતાઓની જવાબદારીઓ અને રેવન્યૂ ટેસ્ટ સહિત માર્ચ 2021ની યોજના જેવી જ છે.
- તમે જેની સાથે સંમત થઈ રહ્યાં છે, તે જાહેરનામા સહિત તમામ માહિતી કાળજીપૂર્વક વાંચો તે મહત્વપૂર્ણ છે અને ખાતરી રાખો કે તમે તેનું અનુપાલન કરો છો
- રેવન્યૂ ટેસ્ટને ઓછામાં ઓછા 40% જેટલી ઘટી છે. તેનો અર્થ એ થયો કે:
  - છેલ્લાં 14 દિવસમાં જે-તે વ્યવસાયની આવક ઓછામાં ઓછી 40% નીચી ગયેલી હોવી જોઇએ (અથવા નીચે જવાની ધારણા હોવી જોઇએ):
    - પ્રથમ વેતન સબસિડીની ચૂકવણી માટે 17 – 31 ઑગસ્ટની વચ્ચે
    - વેતન સબસિડી #2 માટે 31 ઑગસ્ટથી 13 સપ્ટેમ્બર સુધી
    - વેતન સબસિડી #3 માટે 14 સપ્ટેમ્બરથી 27 સપ્ટેમ્બર સુધી
    - વેતન સબસિડી #4 માટે 28 સપ્ટેમ્બરથી 11 ઓક્ટોબર સુધી
    - વેતન સબસિડી #5 માટે 12 ઓક્ટોબરથી 25 ઓક્ટોબર સુધી

    એલર્ટના લેવલમાં વધારો કરવામાં આવ્યાંનાં તરત પહેલાંનાં છ અઠવાડિયામાં 14 દિવસના

વિશિષ્ટ સમયગાળા દરમિયાનની તેમની આવકની સાથે સરખામણી કરવામાં આવે ત્યારે.

  - એકદમ મોસમી આવક સાથેનો વ્યવસાય તેમની 2020 કે 2019 ની આવકની એ જ સમયગાળા સાથે તુલના કરી શકે છે, જો તેઓ તુલના ડિફોલ્ટ સમયગાળાનો ઉપયોગ કરીને બતાવી શકે કે તેમનો મોસમી પ્રકારનો વ્યવસાય તેમના માટે રેવન્યુ ટેસ્ટને પહોંચી વળવાનું વધુ મુશ્કેલ બનાવે છે.
- આવકમાં ઘટાડો એલર્ટ લેવલ 3 અને 4 ચાલુ રહેવાના કારણે ઊભો થયેલો હોવો જોઈએ કે જેની શરૂઆત 17 મી ઓગસ્ટ 2021 થી તમારા વ્યવસાયમાં થઈ હોય.

## ચૂકવણી થઈ ગયાં બાદ

- જો તમારા બિઝનેસની આવકમાં ઘટાડો ન થાય તો, તમારે સબસિડી પરત ચૂકવી દેવાની રહેશે.
- તમારા વ્યવસાયે તમારા ઘોષણાપત્રના સમર્થનમાં પુરાવાઓને તૈયાર કરવાના અને પોતાની પાસે રાખવાના રહેશે (પરંતુ તમારે આ પુરાવા અરજીની સાથે પૂરાં પાડવાની જરૂર નથી).
- એમએસડી પૃષ્ઠભૂમિની ચકાસણી અને ટાર્ગેટ ઇન્ટેગ્રીટી એક્ટિવિટી પૂરી કરશે. તેનો અર્થ એ છે કે, અરજીકર્તાઓ પાસેથી આવકમાં ઘટાડો થયાંની સાબિતીનું એક સેમ્પલ માંગવામાં આવશે.
- જો સરકાર વેતનની સબસિડી સમય વધારવાનો નિર્ણય લે, તો તમારા વ્યવસાયોએ બીજી જ અરજી કરવાની રહેશે.